<u>ખાસ અગત્યનું</u>

જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં,
બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિજા/નેશનલ પોર્ટલ/૨૦૨૦-૨૧/ તારીખ : ૦૫-૧૧-૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ મા.અને ઉચ્ચ મા.ગ્રાંન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓ જોગ

વિષય : **National Scholarship Portal (2.0)** માં આપની શાળાનુ રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ : ગાંધીનગરના અ.સ.પત્ર ક્રમાંક/વિજા/લઘસ/૨૦૨૦-૨૧/૨૧૬૧ તા.૦૮-૧૦-૨૦૨૦

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાંવવાનુંકે ગાંધીનગરના ઉપરોક્ત અ.સ.પત્ર સંદર્ભીત **National Scholarship Portal (2.0)** અંતર્ગત સુરત જિલ્લાની કુલ ૩૫૦૯ શાળા / કોલેજો રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. જે પૈકી આજની તારીખ સુધીમાં ૬૪૬ શાળાઓએજ આ પોર્ટલ ઉપર **KYC Approval** મેળવેલ છે. સરકારશ્રીની સુચના મુજબ બાકી રહેલ ૨૮૬૩ શાળા / કાલેજોએ **KYC Approval** મેળવેલ નથી. જેથી આવી બાકી રહેલ દરેક શાળા / કાલેજોએ **KYC Approval** કરાવવુ ફરજીયા છે જેથી આ પોર્ટલ ઉપર બાળકોને શિષ્યવૃત્તીનો લાભ મળી શકે. જે પ્રકીયાની કામગીરી માટે અત્રેની ઉપરોક્ત કચેરી દવારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સુરત દવારા તમામ શાળઓના ડાયસ કોડ અને આચાર્યશ્રીનો મોબાઇલ નંબરની યાદી મેળવેલ છે જે મુજબ પ્રથમ સર્વે શાળાઓના આચાર્યશ્રીઓના મોબાઇલ નંબર ઉપર ટેક્ષ્ટ મેસેજમાં **NICSMS** માં **User ID & Passward** આપને મોકલવાની પ્રકીયા ચાલુ છે. જે **User ID & Passward** નો મેસેજ દરેક આચાર્યશ્રીઓએ નોંધી રાખી **National Scholarship Portal** માં લોગીન થઇ રજીસ્ટ્રેશન માટેનુ ફોર્મ ભરવાનુ થાય છે. જે ફોર્મ જે તે શાળાઓએ એકંદરીત કરી અથવા જે તે શાળાએ અત્રેની ઉપરોક્ત કચેરીએ સુપ્રત કરવાનુ થાય છે. ત્યારબાદ ફરીથી અત્રેની કચેરી દવારા આપને શાળાના રજીસ્ટ્રેશન માટે ફરીથી આચાર્યશ્રીઓના મોબાઇલ નંબર ઉપર ટેક્ષ્ટ મેસેજમાં **NICSMS** માં **User ID & Passward** મોકલવામાં આવશે. જે **User ID & Passward** મળ્યાબાદ **National Scholarship Portal** માં લોગીન થઇ **Administration** મેનુ માં જઇ **Update Profile** માં જઇ શાળાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે ત્યાર બાદ આ પ્રકીયા પુર્ણ થશે. જેની સર્વે આચાર્યશ્રીઓએ પુરતી કાળજી લઇ આ કાર્યવાહી કરવી ખુબજ અગત્યની હોઇ વિના વિલંબે સત્વરે આ કાર્યવાહી પુર્ણ કરવા માટે સહકાર આપવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ સુરત

નકલ સવિનય રવાના :
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તરફ તમામ શાળાઓને જાણ કરવા સારૂ

Scanned with CamScanner